# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14.07.2026** **MORNING: 7.45 TO 7.55**

**Day: TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) ભારતીય કાપડનો વૈશ્વિક કાર્યક્રમ ભારત ટેક્સ 2026નો આજથી નવી દિલ્હીમાં આરંભ

2) એપ્રિલથી જૂન દરમિયાન ભારતની કુલ નિકાસ 232 અબજ યુએસ ડોલરથી વધુ રહેવાનો અંદાજ

3) પશ્ચિમ બંગાળમાં માછીમારી ટ્રોલર પલટી જતાં નવ માછીમારોના મોત અને 6 ની શોધખોળ ચાલુ.

4) NEET(UG)2026ની પુનઃપરીક્ષા-OMR શીટ્સ અને ઉમેદવારોના જવાબો વેબસાઇટ પર જાહેર

5) હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાની શિપિંગ પર ફરીથી અમેરિકાની નાકાબંધી

6) ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ આજે પહેલી વનડે મેચમાં યજમાન ઇંગ્લેન્ડ સામે રમશે.

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# BHARAT TEX 2026

ભારતનો સૌથી મોટો વૈશ્વિક કાપડ કાર્યક્રમ, ભારત ટેક્સ 2026 આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થઈ રહ્યો છે. કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહ આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 5F વિઝન - ફાર્મ ટુ ફાઇબર ટુ ફેક્ટરી ટુ ફેશન ટુ ફોરેન - થી પ્રેરિત ભારત ટેક્સ 2026નો ઉદ્દેશ્ય ટેક્સટાઇલ મૂલ્ય શૃંખલામાં વ્યવસાય, રોકાણ, સોર્સિંગ, નવીનતા, નીતિ સંવાદ અને વ્યૂહાત્મક ભાગીદારી માટે એક અગ્રણી પ્લેટફોર્મ તરીકે વિકસિત થવાનો છે

# INDIA EXPORT

આ વર્ષે એપ્રિલથી જૂન દરમિયાન ભારતની કુલ નિકાસ 232 અબજ યુએસ ડોલરથી વધુ હોવાનો અંદાજ છે, જે ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં 11.37 ટકાનો  વધારો દર્શાવે છે.

સાંભળીએ એક અહેવાલ વૉઇસ કાસ્ટ

## (VC - ANAND PATAHK )

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે આ વર્ષે જૂનમાં કુલ નિકાસ 73.45 અબજ યુએસ ડોલર હોવાનો અંદાજ છે.

# INDIA JAPAN

ભારત અને જાપાને મુક્ત અને નિયમો આધારિત હિંદ-પ્રશાંત ક્ષેત્રને પ્રોત્સાહન આપવાની તેમની પ્રતિબદ્ધતાનો પુન:રોચ્ચાર કર્યો.

જાપાનના ટોક્યોમાં યોજાયેલા 8મા સંરક્ષણ નીતિ સંવાદ દરમિયાન, બંને દેશોએ પ્રવર્તમાન પ્રાદેશિક અને વૈશ્વિક સુરક્ષા વાતાવરણ પર વ્યાપક ચર્ચા કરી હતી

સાંભળીએ અમારા સંવાદદાતા  શક્તિસિંહનો અહેવાલ

# WEST BENGAL

આ મહિનાની શરૂઆતમાં પશ્ચિમ બંગાળના દરિયાકાંઠે ગુમ થયેલ એક માછીમારી ટ્રોલર બંગાળની ખાડીમાં પલટી ગયેલી હાલતમાં મળી આવી છે, જેમાં નવ માછીમારોના મૃત્યુની પુષ્ટિ થઈ છે અને છ અન્ય હજુ પણ ગુમ છે.

આ ટ્રોલર બીજી જુલાઈના રોજ 15 માછીમારો સાથે શંકરપુર દરિયાઈ બંદરથી નીકળ્યું હતું.મૃતદેહોને દક્ષિણ 24 પરગણા જિલ્લાના સીતારામપુર લાવવામાં આવ્યા છે

રાજ્યના મત્સ્યઉદ્યોગ મંત્રી રાજેશ મહતોએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર શોકગ્રસ્ત પરિવારો સાથે ઉભી છે અને ખાતરી આપી છે કે ડીએનએ ઓળખ અને કાનૂની ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી મૃતદેહો સોંપાશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.પ્રધાનમંત્રીએ દરેક મૃતકના પરિવારજનો માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયા અને ઘાયલો માટે ૫૦ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

# VIETNAM

વિયેતનામના ફુ ક્વોક ટાપુ પર સ્પીડબોટ અકસ્માતમાં માર્યા ગયેલા 15 ભારતીય પ્રવાસીઓના પાર્થિવ દેહને સ્વદેશ પરત લવાયા.

વિયેતનામમાં ભારતીય દૂતાવાસે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે પાર્થિવ અવશેષો હો ચી મિન્હ સિટીથી વિયેતનામ એરલાઇન્સની ફ્લાઇટ દ્વારા મુંબઈ પહોંચ્યા હતા.આંધ્રપ્રદેશ, કેરળ અને તમિલનાડુની રાજ્ય સરકારો પાર્થિવ દેહને તેમના સંબંધિત રાજ્યોમાં તેમના અંતિમ સ્થળો સુધી પહોંચાડવાનું સંકલન કરશે.

વિયેતનામના ફુ ક્વોક ટાપુ પર 32 ભારતીય પ્રવાસીઓ અને ચાર સ્થાનિક ક્રૂ સભ્યોને લઈ જતી એક સ્પીડબોટ પલટી ગઈ હતી, જેમાં 15 પ્રવાસીઓના મોત થયા હતા. બચી ગયેલા 16 લોકો પણ ભારત પરત ફર્યા છે, અને એક પ્રવાસી હજુ પણ વિયેતનામમાં હોસ્પિટલમાં દાખલ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# NEET OMR SHEET

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ NEET (UG) 2026 પુનઃપરીક્ષા-OMR શીટ્સ અને ઉમેદવારો માટે રેકોર્ડ કરેલા જવાબોને સત્તાવાર વેબસાઇટ neet.nta.nic.in પર જારી કર્યા છે.

એજન્સીએ જણાવ્યું હતું કે, ઉમેદવારો તેમના એપ્લિકેશન નંબરનો સાથે લોગ ઇન કરી તેમના ચિહ્નિત જવાબોની તુલના કરી શકે છે.

જો ખોટા જવાબ સામે ઉમેદવારો પ્રશ્ન પસંદ કરી શકે છે અને તેમના દાવો કરેલા વિકલ્પ પર ટિક કરી શકે છે અને 200 રૂપિયાની નોન-રિફંડેબલ પ્રોસેસિંગ ફી ચૂકવીને પડકાર સબમિટ કરી શકે છે. એજન્સીએ સ્પષ્ટતા કરી છે કે જો પડકાર માન્ય રાખવામાં આવે તો ફી પરત કરવામાં આવશે.

OMR ચેલેન્જ સુવિધા આ મહિનાની 15 તારીખ સુધી ઉપલબ્ધ રહેશે. ઉમેદવારો NTA હેલ્પલાઇન નંબર 011-40759000, 011-69227700 પર સંપર્ક કરી શકે છે અને neetug2026@nta.ac.in પર લખી શકે છે.

# INDIA AFGHANISTAN

ભારતે અફઘાન પરત ફરનારાઓની આશ્રય અને પુનર્વસન જરૂરિયાતોને ટેકો આપવા માટે અફઘાનિસ્તાનના શરણાર્થીઓ અને પ્રત્યાવર્તન મંત્રાલયને તંબુ સોંપ્યા છે. વિદેશ મંત્રાલયે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે આ પગલું અફઘાનિસ્તાનના લોકોને ભારતની સતત માનવતાવાદી સહાયનો એક ભાગ છે.

# UNSC-INDIA

ભારતે 2028-29 કાર્યકાળ માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ના અસ્થાયી સભ્ય તરીકે ચૂંટણી માટે સત્તાવાર રીતે ઝુંબેશ શરૂ કરી દીધી છે.

ન્યુ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલય ખાતે ભારતની ઉમેદવારીનો પ્રારંભ કરતા, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે

## (BYTE – S JAI SHANAKAR)

# AMERICA-IRAN WAR

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકા હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાની શિપિંગ પર ફરીથી નાકાબંધી કરશે અને દરિયાઈ સુરક્ષાના ખર્ચને આવરી લેવા માટે વ્યૂહાત્મક જળમાર્ગ દ્વારા પરિવહન કરતા કાર્ગો પર 20 ટકા ચાર્જ લાદશે.

ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે આ નાકાબંધી ફક્ત ઈરાની જહાજો અને ઈરાન સાથે વેપાર કરતા જહાજો પર લાગુ થશે.

**(બાઇટ –AMISHA)**

# IMD WEATHER

હવામાન વિભાગે આજે બિહાર અને ઓડિશામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને આસામ સહિતના પૂર્વોત્તરના રાજ્યોમાં પણ ભારે વરસાદની આગાહી છે. દરમિયાન નેઋત્યનું ચોમાસુ શ્રી ગંગાનગરથી હરિયાણાના હિસાર થઈ મણિપુર તરફ આગળ વધી રહ્યું છે.

# CRICKET- IND-ENG

ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ આજે બર્મિંગહામના એજબેસ્ટન ખાતે ત્રણ મેચની શ્રેણીની પહેલી વનડે મેચમાં યજમાન ઇંગ્લેન્ડ સામે રમશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 3:30 વાગ્યે શરૂ થશે.

ભારતીય ટીમમાં અનુભવી વિરાટ કોહલી અને રોહિત શર્મા ની સાથે ઝડપી બોલર જસપ્રીત બુમરાહનુ પણ આ મેચ સાથે પુનરાગમન થઇ રહ્યું છે..

શુભમન ગિલની આગેવાની હેઠળની ટીમ ગુરુવારે કાર્ડિફમાં બીજી વનડે રમશે, જ્યારે શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ આ મહિનાની 19મી તારીખે લોર્ડ્સમાં રમાશે.